# માનવ સેવા મંદિર સમાચાર

||ન માનુષાત પરો ધર્મઃ||

YEAR: 27 VOLUME 4 WWW.MANAVSEVAMANDIR.ORG JANUARY 31, 2014

101 S. Church Road, Bensenville, IL 60106, Phone: (630) 860-9797, Fax: (630) 860-9825


તુલસી વિવાહ


સત્યનારાયણ પૂજા


નવગ્રહ પૂજા


અન્નકૂટ

## નવેમ્બર ૩-૪ દિવાળી અને બેસતા વર્ષ નો હર્ષ ઉલ્લાસ



દર વર્ષ ની જેમ ૨૦૧૩ માં પણ દિવાળી અને બેસતા વર્ષનું માનવ સેવા મંદિરમાં એક વિશેષ આનંદ અને ભક્તિથી સ્વાગત કરવામાં આવ્યું. ઓક્ટોબેર અંત અને નવેમ્બરની શરૂઆતના દિવસો મંદિર અને તેના ભક્તો માટે વિશેષ રહ્યા કારણ તેમની દરમ્યાન લક્ષ્મી પૂજન, ચોપડા પૂજન વગેરે નું આયોજન મોટા પાયે કરવામાં આવ્યું.

દિવાળીના દિવાના પ્રકાશમાં મંદિર અતિ સુંદર શોભ્યું. ૩ નવેમ્બર ના દિવસે નવા વર્ષ ની ઉજવણી માટે મંગળા આરતી અને શ્રુંગાર આરતી કરવામાં આવી. મંદિરનો પ્રાર્થના હોલ પૂરો ભરાઈ ગયો. હજારો ભક્તોએ નવા વર્ષની સવારે પ્રભુદર્શન નો લાભ લીધો. દિવાળીના દિવસો દરમ્યાન નવા કેલેન્ડરનું વિતરણ થયું અને પ્રસાદ આપવામાં આવ્યો.માનવ સેવા મંદિર ને એ જણાવતા ઘણો હર્ષ થાય છે કે હરિભક્તોએ ઉદાર હાથે દાન કર્યું.

## નવેમ્બર ૯ અન્નકૂટ ની સ્વાદિષ્ટ ઉજવણી



અન્નકૂટ, જેને ગોવર્ધન પૂજા પણ કહેવાય છે, એ કૃષ્ણ ભગવાનની ઇન્દ્ર પર જીતની યાદ અપાવે છે. આ દિવસે અન્નને એક પહાડ ના સ્વરૂપમાં સજાવવામાં આવે છે. આમ તો માન્યતા એવી છે કે કૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત ઉપાડીને ઇન્દ્રની અતિવૃષ્ટિથી પ્રજાને બચાવી હતી. કૃષ્ણની ઇન્દ્ર પર જીતનો અવસર ભક્તોએ અન્નકૂટ એટલે વિવિધ પ્રકારની વાનગીઓ

ભગવાનના ચરણો માં અર્પણ કરીને ઉજવે છે. આપણા મંદિરમાં પણ નવેંબરની ૯મી એ સુંદર અન્નકૂટનું આયોજન કર્યું. અન્નકૂટ બહુજ સુંદર રીતે સજાવવામાં આવ્યો. સાંજે ૫.૩૦ ગોવર્ધન પૂજા શરુ થઇ જે લગભગ ૭.૩૦ સુધી ચાલી. ત્યાર પછી આપણી રોજની આરતી અને પ્રદક્ષિણા પણ થઇ. આમ તો રોજ મંદિરમાં સારો પ્રસાદ હોયજ છે પણ અન્નકૂટના અવસર પર વાનગીઓ વધારે હતી જેનો લાભ ભક્તોએ બરાબર લીધો.

## <u>નવેમ્બર ૧૬</u> વાજતે ગાજતે તુલસી વિવાહ

તુલસી વિવાહ એ હિંદુ ધર્મનું એક સુંદર પાસું છે. તુલસી, જે આપણી સંસ્કૃતીના હાર્દમાં છે, અને ભગવાન વિષ્ણુ/કૃષ્ણના લગ્ન એ કેવી અજબ પરિકલ્પના છે! કાર્તિક મહિનામાં થતા આ વિવાહ નું ભારતના ઘણા રાજ્યોમાં ચલન છે પણ ગુજરાતમાં તો તેનું વિશેષ મહત્વ છે. તુલસી આમ તો મૂળ વ્રીંદા નામની સ્ત્રી હતી જેનું લગ્ન જલંદર નામના દાનવ રાજા સાથે થયેલું. વ્રીંદાની વિષ્ણુની ભક્તિ જલંદર ને મંજુર ન હતી. હિંદુ ગ્રંથો પ્રમાણે જલંદરની ભક્તિ અને તપસ્યાને લીધે તે એક અજીન્ક્ય રાજા બની ગયો જેની તાકાત દેવોને પણ હંફાવતી. જલંદરને લીધે ચિંતિત શિવ ભગવાને વિષ્ણુ/કૃષ્ણ ને કહ્યું કે કોઈ પણ રીતે જલંદરનો સંહાર થવો જોઈએ. એટલે વિષ્ણુ/કૃષ્ણ એ જલંદરનું રૂપ ધારણ કરી વ્રીંદાને વશ માં કરી જેનાથી વ્રીંદાની પવિત્રતા પર આંચ આવી. તેના લીધે જલંદરની શક્તિ નબળી પડી અને શંકર ભગવાને તેનો વધ કર્યો.



જયારે વ્રીંદાને વિષ્ણુ/કૃષ્ણએ શું કર્યું તેની ખબર પડી ત્યારે તે સમુદ્રમાં ડૂબી ને મૃત્યુ પામી. ત્યાર પછી વિષ્ણુએ તેના આત્માને એક છોડ માં મુક્યો જે તુલસી બની. ત્યારથી તુલસી અને વિષ્ણુ/કૃષ્ણ ના વિવાહની પ્રથા ચાલી આવે છે.

જે ઉત્સવનો આવો ઈતિહાસ હોય તેની ઉજવણી પણ ધૂમધામથી જ થાય. આ નિમિત્તે બે પરિવારો, એક તુલસી તરફથી અને એક વિષ્ણુ/કૃષ્ણ તરફથી વિવાહની પૂરી વિધીમાં ભાગ લે છે. ૨૦૧૩ માં શ્રી નરેન્દ્રભાઈ પટેલ અને તેમના કુટુંબી જનો એ તુલસી ના માતા પિતા તરીકે ભાગ લીધો અને શ્રી નવનીતભાઈ અને શ્રીમતી રમીલા બેન શાહે યજમાન, એટલે વિષ્ણુ/કૃષ્ણના માતા પિતા, તરીકે ભૂમિકા નિભાવી.

લગભગ ૭૦૦ જેટલા ભક્તોએ આ ખાસ વિવાહમાં ભાગ લીધો. વિવાહના અંતે આરતી અને મહાપ્રસાદનું પણ આયોજન થયું.

**<u>નવેમ્બર ૧૬</u>** **બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ અને એકઝીક્યુટીવ બોર્ડ ની ચુંટણી**

મંદિરના બંધારણ મુજબ આપણે દર બે વર્ષે બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ અને એકઝીક્યુટીવ બોર્ડની ચુંટણી કરીએ છીએ. ૨૦૧૩ માં આ ચુંટણી નવેંબરની ૨૪ મી તારીખે થઇ. બધાજ સભ્યો બિન હરીફ ચુંટાયા જે ઘણું પ્રશંશીય છે. બંને બોર્ડના સદસ્યોએ મકરસંક્રાંતિ એટલે જાન્યુઆરી ૧૪ ના દિવસે સોગંદ વિધીમાં હિસ્સો લીધો. સર્વ સભ્યોએ શ્રી કૃષ્ણની સમક્ષ શપથ ગ્રહણ કર્યા.

૨૦૧૩ ની જનરલ બોડી મિટિંગ ડીસેંબરની ૮ મી એ ૪.૩૦ અને ૬.૩૦ વચ્ચે મળી. અનેક મુદ્દાઓની ચર્ચા થઇ અને ઘણા સૂચનો પણ મળ્યા. બાય લોઝ સમિતિના સભ્યોએ એવું નક્કી કર્યું કે આ સૂચનોને ધ્યાનમાં રાખીને બંધારણ સમિતિએ ૨૦૧૪ માં બંધારણમાં સુધારા કરવા.

**<u>ડીસેંબર ૧૨</u>**

આ દિવસે સાંજે ગીતાના સમૂહ પાઠ સાથે ગીતા જયંતીની ઉજવણી કરી.

**<u>જાન્યુઆરી ૫</u>** **સત્યનારાયણ પૂજા નો સારાંશ**



૨૦૧૪ ની શરૂઆત સમૂહ સત્યનારાયણ પૂજા થઇ. અતિશય ઠંડી અને શીત લહેર હોવા છતાં ૮૦ જેટલા ભક્તો પધાર્યા અને પૂજામાં ભાવથી ભાગ લીધો. સત્યનારાયણ પૂજાનું મહત્વ અને તેની વિધીની સમજણ બંને ધ્યાન માં રાખી એક વિશેષ આયોજન મંદિર માં થયું. બે કલાક ચાલેલી પૂજા દરમ્યાન પૂજારીએ ભક્તોને વિગતવાર વિધી કરાવી. અંતમાં ભક્તોએ મહાપ્રસાદ નો લાભ લીધો.

**<u>જાન્યુઆરી ૧૪</u>** **નવગ્રહ પૂજા, મકરસંક્રાંતિ અને તલસાંકળી**



ભારતભરમાં તથા નેપાળમાં ઉજવાતા આ પર્વની મજા જુદી જ છે કારણ કે ભક્તિ-શ્રદ્ધા નું બખૂબી સમિશ્રણ આનંદ સાથે એક અનેરો લ્હાવો છે મકરસંક્રાંતિનો. આમ તો સુર્યનું મકરમાં આગમન ઉગેલા પાકની લાવણી માટે ખેડૂતો માટે અવસર છે પણ સાથે સાથે નવગ્રહ પૂજા અને ઉત્તરાયણના પતંગો આ પ્રસંગે વિશેષ મહત્વ ધરાવે છે. સ્વાદિષ્ટ ખાવાનું જેમ કે તલસાંકળી, બોર, ઊંધિયું, સેવની બીરેન વગેરે નું સેવન ઘણા જ આનંદથી કરવામાં આવે છે.

જો કે અમેરિકા માં પતંગ ઉડાડવાનો રીવાજ નથી પણ તેમ છતાં ઇન્ટરનેટના આ જમાનામાં બધું ભારતથી લાઈવ જોવા મળે છે. આપણા મંદિરમાં પણ મકરસંક્રાંતિ ધૂમધામ થી ઉજવાઈ. સાંજે ૫.૩૦ વાગે લગભગ ૧૫ યજમાનો એ ખાસ નવગ્રહ પૂજામાં ભાગ લીધો. પૂજા દરમ્યાન મંદિરના પૂજારીઓએ ખાસ નવ ગ્રહ અન્નથી સજાવ્યા હતા. નવગ્રહ પૂજાની સમાપ્તિ પછી મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલી જેમાં ૧૫૦ હરિભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો.

## <u>૨૦૧૪ માં ખાસ પ્રસંગો</u>



**ફેબ્રુઆરી ૨૭, ગુરુવાર:** મહા શિવરાત્રી ના પ્રસંગે મંદિર માં વિશેષ કાર્યક્રમ રાખવા માં આવ્યો છે. ચાર પ્રહર ની પૂજા સાંજે ૬, ૯, ૧૨ મધ્ય રાત્રી અને ૩ વાગે સવારે થશે. દુધાભીષેક મંદિરના સમય દરમ્યાન ચાલુ રહેશે. જે યજમાનો પૂજા માં બેસવા ઈચ્છિત હોય તેઓએ મંદિરમાં નામ નોંધાવા વિનંતી અને સાથે $૨૫૧ નું દાન કરવાની પણ વિનંતી.



**માર્ચ ૧૬, રવિવાર:** હોળીકા દહન અને કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. સમય સાંજના ૬.૩૦ થી ૭.૩૦ સુધી રહેશે.

**માર્ચ ૨૯, શનિવાર:** ગુજરાતી નાટક: નાટક માટે વધારે માહિતી મંદિર તરફ થી જણાવશું.



**માર્ચ ૩૧-એપ્રિલ ૮, સોમવાર થી બીજા મંગળવાર સુધી:**રામાયણ પાઠ અને રામ નવમી ની ઉજવણી. આ નવ દિવસના ઉત્સવ દરમ્યાન રામચરિત માનસ ના અખંડ પાઠ થશે. નવમાં દિવસે, એટલે કે એપ્રિલ ૮, મંગળવારે, રામ જન્મોત્સવ ઉજવાશે. તેનો સમય સવાર ના ૧૧ અને બપોરના ૧૨ ની વચ્ચે રહેશે.



**એપ્રિલ ૧૪, સોમવાર** હનુમાન જયંતીની ઉજવણી. હનુમાનજીની પૂજાની શરૂઆત સાંજે ૫ વાગે થશે. ત્યારબાદ સુંદરકાંડનું સમૂહ પાઠન થશે. ૭.૩૦ વાગે આરતી પછી મહાપ્રસાદની વ્યવસ્થા છે. યજમાન બનવા મંદિરનો સંપર્ક કરવો.